


૪૫ વર્ષની પ્રતિષ્ઠા લાલચમાં હોમાઈ

**કોઠવા દરગાહ પાસે ચાની આડમાં ગાંજાનો વેપાર કરતા વૃદ્ધને પાલોદ પોલીસે મુદ્દામાલ સાથે દબોચી લીધો, પવિત્ર ધામમાં નશાનો ઝેર ફેલાવનારા ચાવાળા વિરુદ્ધ સ્થાનિકોમાં પણ ભારે રોષ**

# ચાની ચૂસકીમાં નશાનું ઝેર

**બે-ત્રણ મહિનાથી ગાંજો લાવીને પડીકી બનાવી છૂટક વેચાણ કરતો હતો, અંતે પોલ ખુલ્લી પડી ગઈ**



હથોડાઃ જ્યાં આસ્થાનો સંગમ થાય છે એવી પવિત્ર કોઠવા દરગાહના આંગણે લોભ અને લાલચનો કાળો ખેલ ખેલાઈ રહ્યો હતો. છેલ્લાં ૪૫ વર્ષથી લોકોની તરસ છીપાવતો ચાવાળો વધુ કમાણીની લાલચે હવે નશાની પડીકીઓ વેચવા લાગ્યો હતો. પાલોદ પોલીસના પી.આઈ. એસ.જે.ભાટિયાએ બાતમીના આધારે આ ગોરખધંધાનો પર્દાફાશ કરી આરોપીને જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.

પાલોદ પોલીસને માહિતી મળી હતી કે, કોઠવા દરગાહ ખાતે આવેલી 'મખદૂમ ટી સેન્ટર' નામની ચાની લારી ચલાવતો ઈસ્માઈલ મોહમ્મદ મિર્ઝા નામનો ઈસમ ગાંજાનો જથ્થો લાવી, તેની પડીકીઓ બનાવીને લોકોને છૂટક વેચાણ કરે છે. આ બાતમીના આધારે પાલોદ પોલીસે ઘટના સ્થળે તપાસ કરતાં ચાની લારીના ગલ્લામાંથી રૂપિયા ૪,૦૦૦ની કિંમતનો ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ગાંજાના જથ્થા સાથે ઈસ્માઈલ મોહમ્મદ મિર્ઝાને ઝડપી પાડી, જેલના સળિયા પાછળ ધકેલી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.


ઈબ્રાહીમ કાનુ

## 45 વર્ષથી ચાની લારી ચલાવતો વૃદ્ધ બે મહિનાથી ચાની ચૂસકી સાથે લોકોને ગાંજાનો સ્વાદ આપવા લાગ્યો હતોઃ પી.આઈ. ભાટિયા

ઝડપાયેલા ગાંજાના જથ્થા બાબતે પાલોદ પોલીસ મથકના પી.આઈ. એસ.જે. ભાટિયાએ જણાવ્યું હતું કે, ગાંજાના જથ્થા સાથે ઝડપાયેલો ઈસમ મૂળ કોઠવા ગામનો વતની છે અને તે છેલ્લાં 45 વર્ષથી કોઠવા દરગાહ ખાતે ચાની લારી ચલાવે છે. વધુ કમાણી કરવાની લાલચે તેણે છેલ્લા બે-ત્રણ મહિનાથી ગાંજાનો જથ્થો લાવી, પડીકીઓ બનાવીને તેનું છૂટક વેચાણ શરૂ કર્યું હતું અને અંતે તે ઝડપાઈ ગયો હતો.

ઝડપાયેલા ગાંજાના જથ્થા બાબતે કોઠવા દરગાહ ખાતે વર્ષોથી ફૂલ, નારિયેળ, અગરબત્તી, લોબાન તેમજ નાસ્તા-પાણીના સ્ટોલ ચલાવતા અન્ય દુકાનદારોએ વાતચીતમાં જણાવ્યું હતું કે, કોઠવા દરગાહ ગુજરાત સહિત સમગ્ર ભારતમાં પ્રચલિત છે. દેશના ખૂણે-ખૂણેથી અહીં લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શન માટે આવતા હોય છે, ત્યારે આવી પવિત્ર જગ્યાએ ગેરકાયદે રીતે આવો ગોરખધંધો કરવો તે ખરેખર વખોડવાલાયક છે. આવા ગેરકાયદે ધંધા કરનારાઓને કડકમાં કડક સજા થવી જોઈએ.


પ્રવીણ તેરૈયા

# એક ફૂલના 50 રૂપિયા ! લગ્નમાં વિદેશી 'સ્ટેટસ' ફૂલની ભારે માંગ

**સુરત,** વડોદરા અને મુંબઈ જેવાં મેટ્રો શહેરોમાં સજોદનાં ફૂલોની ડિમાન્ડ વધી

અંકલેશ્વરઃ અંકલેશ્વરના સજોદ ગામના યુવા ખેડૂતોએ પરંપરાગત ખેતી છોડીને આધુનિક ટેક્નોલોજી આધારિત ફૂલની ખેતી તરફ આગળ વધી સફળતાનું અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું છે. ઉચ્ચ અભ્યાસ કર્યા બાદ સારા પગારની નોકરી છોડીને ખેતી ક્ષેત્રે પ્રવેશ કરનાર યુવાનો આજે અન્ય ખેડૂતો માટે પ્રેરણારૂપ બન્યા છે.

સજોદ ગામના રહીશ અને પરંપરાગત ખેડૂત યશવંતભાઈ પ્રજાપતિના પુત્રો કિરણ પ્રજાપતિ અને રિલેશ પ્રજાપતિ છેલ્લાં 12 વર્ષથી આધુનિક પદ્ધતિથી ખેતી કરી રહ્યા છે. બંને ભાઈએ ખેતીને વ્યવસાયિક દૃષ્ટિકોણથી અપનાવી ગ્રીન નેટ હાઉસ ઉભું કરીને વિદેશી ફૂલોની ખેતી શરૂ કરી છે. ખેડૂત ભાઈઓએ પોતાના ખેતરમાં ગ્રીન નેટ હાઉસ તૈયાર કરી ટપક સિંચાઈ પદ્ધતિ અપનાવી છે. પાણી અને ખાતરના નિયંત્રિત ઉપયોગ સાથે ગુણવત્તાસભર ઉત્પાદન મેળવવામાં તેઓ સફળ રહ્યા છે. આધુનિક ખેતી પદ્ધતિઓના કારણે ઓછા વિસ્તારમાં વધુ આવક મેળવવાનો માર્ગ ખૂલ્યો છે. કિરણ અને રિલેશ પ્રજાપતિએ પુણેની નર્સરીમાંથી હોલેન્ડના 'સ્ટેટસ' (લીમોનિયમ) નામના ફૂલના લગભગ 2000 ટીસ્યુ કલ્ચર રોપા લાવી પ્રાયોગિક ધોરણે ખેતી શરૂ કરી હતી. આ ફૂલ ખાસ કરીને માંગલિક પ્રસંગો, લગ્ન સમારોહ, ફ્લાવર ડેકોરેશન અને બુકે બનાવવા માટે વધુ ઉપયોગમાં લેવાય છે.

હાલ લગ્ન સિઝનમાં આ ફૂલોની ભારે માંગ જોવા મળી રહી છે. જેના કારણે ખેડૂતોને સારો ભાવ મળી રહ્યો છે. સ્ટેટસ ફૂલનો પ્રતિ નંગ ભાવ રૂ.50 સુધી મળે છે. વિદેશી સ્ટેટસ ફૂલ ઉપરાંત ખેડૂત ભાઈઓએ સાત અલગ અલગ રંગના જલબેરા ફૂલોની પણ સફળ ખેતી કરી છે. જલબેરા ફૂલનો ઉપયોગ પણ ડેકોરેશન અને બુકે માટે મોટા પ્રમાણમાં થાય છે. જલબેરા ફૂલનો પ્રતિ નંગ અંદાજે રૂ.૧૦નો ભાવ મળતાં ખેતી લાભદાયક બની છે.

### યુવાનોને નવી દિશા આપી

ઉત્પાદિત ફૂલો મુખ્યત્વે સુરત, વડોદરા અને મુંબઈ જેવાં મેટ્રો શહેરોમાં મોકલવામાં આવે છે, જ્યાં સતત માંગ રહેતી હોય છે. નોકરી છોડીને ખેતી ક્ષેત્રે સફળતા મેળવવી સરળ બાબત નથી, પરંતુ આધુનિક વિચારસરણી, ટેક્નોલોજીનો ઉપયોગ અને બજારની સમજણના કારણે કિરણ અને રિલેશ પ્રજાપતિએ ખેતીને નફાકારક વ્યવસાયમાં પરિવર્તિત કરી છે. તેમની આ પહેલ ગામના અન્ય યુવાનોને પણ નવી દિશા આપી રહી છે અને કૃષિ ક્ષેત્રે નવી સંભાવનાઓ ઊભી કરી રહી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ભરૂચમાં આંબેડકર જન્મજયંતીની ઉજવણી



ભરૂચઃ ડો.બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતી ભારત સહિત વિશ્વના 192 દેશોમાં શ્રદ્ધા અને ઉલ્લાસ સાથે ઉજવાઈ રહી છે. આ અવસરે ભરૂચ તાલુકાના નંદેલાવ ગામે નવનિર્મિત આંબેડકર ભવનમાં પ્રથમ વખત જન્મજયંતી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. સમાજના વરિષ્ઠ અગ્રણી એડ્વોકેટ વિમલભાઈ ચૌહાણ અને નટુભાઈ પરમારના શુભાશયથી તથા સરપંચ લક્ષ્મીબેન ચૌહાણ અને પૂર્વ સરપંચ રતિલાલભાઈ ચૌહાણના સહયોગથી આ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં સંત શિરોમણી રૈદાસ એન્ડ યુગાવતાર ડો.આંબેડકર રાષ્ટ્રીય સેવા સંઘના મહામંત્રી ભાઈલાલભાઈ મકવાણા, એડ્વોકેટ જશુભાઈ રોહિત, પ્રો.નિલેશભાઈ ચૌહાણ, પ્રો.સુરેશભાઈ ચૌહાણ, શિક્ષક નટુભાઈ પરમાર તેમજ વેસ્ટર્ન રેલવેના ચીફ ઓ.એસ. અને SC-ST કર્મચારી યુનિયનના મંત્રી પ્રિતેશ ચૌહાણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. નારાયણ વિદ્યાલયના શિક્ષક ચીમનભાઈ પરમારે સ્વાગત ભાવવાહી છંદમાં વક્તવ્ય આપ્યું હતું. વિમલભાઈ ચૌહાણ, ભગુભાઈ ભીમડા, નટુભાઈ પરમાર અને બીપીનભાઈ વાઘેલાએ કવિતા, દુહા અને ગીતો દ્વારા બાબાસાહેબના જીવન સંઘર્ષ અને બહુજન મુક્તિના વિષયો રજૂ કર્યા હતા. ધ્વનિલ પરમારે બાબાસાહેબના બાળ સ્વરૂપે પ્રદાન, શૂટ, બુટ અને સંવિધાન સાથે બાબાસાહેબના સંઘર્ષથી સિદ્ધિ સુધીના પ્રવાસ પર પ્રભાવી સ્પીચ આપી સૌ મંત્રમુગ્ધ થઇ ગયા હતા.

### નેત્રંગ તાલુકામાં જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણી માટે અધિકારીઓની નિમણૂક કરાઈ

નેત્રંગઃ ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આગામી તા.૨૬ના રોજ યોજાનાર સ્થાનિક સ્વરાજ્યની જિલ્લા તેમજ તાલુકા પંચાયતની ચૂંટણીને અનુલક્ષીને ભરૂચ જિલ્લા મુખ્ય ચૂંટણી અધિકારી સહ કલેક્ટર દ્વારા નેત્રંગ તાલુકા માટે ચૂંટણી અધિકારી અને મદદનીશ ચૂંટણી અધિકારીઓની નિમણૂકનો આદેશ કરવામાં આવ્યો છે. ભરૂચ જિલ્લા પંચાયત હેઠળની નેત્રંગ તાલુકાની ત્રણ બેઠકો ૧૬-કાંટિપાડા, ૧૯-મૌઝા અને ૨૧-નેત્રંગ માટે મુખ્ય ચૂંટણી અધિકારી તરીકે જિલ્લા રજિસ્ટ્રાર (સહકારી મંડળીઓ), ભરૂચની નિમણૂક કરવામાં આવી છે, જ્યારે મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે નેત્રંગના તાલુકા વિકાસ અધિકારી અને મામલતદાર સેવા આપશે. નેત્રંગ તાલુકા પંચાયતની કુલ ૧૬ બેઠકો માટે વહીવટી તંત્ર દ્વારા બે વિભાગમાં વહેંચણી કરવામાં આવી છે. જેમાં ૧-આંજોલી, ૪-ડેબાર, ૭-કાંટીપાડા, ૮-ખરેઠા, ૧૧-મોટા માલપોર અને ૧૫-શણકોઇ સહિતની ૬ બેઠકો માટે મુખ્ય ચૂંટણી અધિકારી તરીકે નેત્રંગ તાલુકા વિકાસ અધિકારી અને મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે મદદનીશ ટી.ડી.ઓ.ની વરણી કરવામાં આવી છે. જ્યારે બાકીની ૧૦ બેઠક જેવી કે ૨-બલદવા, ૩-બિલોઠી, ૫-કાકડકુઇ, ૬-કંબોડિયા, ૯-કોયલી માંડવી, ૧૦-મોટા જાંબુડા, ૧૨-મૌઝા, ૧૩-નેત્રંગ-૧, ૧૪-નેત્રંગ-૨ અને ૧૬-ઝરણા માટે મુખ્ય ચૂંટણી અધિકારી તરીકે નેત્રંગ મામલતદાર અને મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે નાયબ મામલતદાર (મહેસૂલ) નેત્રંગની નિમણૂક કરવામાં આવી છે. જિલ્લા કલેક્ટરના આ આદેશ સાથે જ નેત્રંગ તાલુકામાં આગામી ચૂંટણીને લઈ વહીવટી સજ્જતા તેજ બની છે.

### અંકલેશ્વરમાં ભગવાન પરશુરામ જન્મોત્સવ નિમિત્તે ધાર્મિક કાર્યક્રમો યોજાયા

અંકલેશ્વરઃ અખાત્રીજના પાવન અવસર પર ભગવાન પરશુરામ જન્મોત્સવની ઉજવણી રાજ્યભરમાં ભક્તિભાવ સાથે કરવામાં આવી હતી. ત્યારે અંકલેશ્વરમાં સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ જીઆઇડીસી એકમ અને વિપ્ર ફાઉન્ડેશન દ્વારા વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરી ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જીઆઇડીસી વિસ્તારમાં આવેલ એફડીડીઆઇ કોલેજ ખાતે ભગવાન પરશુરામની આરતી ઉતારી કાર્યક્રમનો શુભ પ્રારંભ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન સમાજના સભ્યો દ્વારા ધાર્મિક વિધિ, પૂજન અને ભક્તિ કાર્યક્રમો યોજાયા હતા. આ કાર્યક્રમ અંતર્ગત ભવ્ય શોભાયાત્રાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. શોભાયાત્રા એફડીડીઆઇ કોલેજથી પ્રસ્થાન કરી જીઆઇડીસીના વિવિધ વિસ્તારોમાં ફરી પૂર્ણ થઈ હતી.

### ડમ્પરે બાઇકને અડફેટે લેતાં ચાલકનું મોત

હથોડાઃ મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે પર મહુવેજ ગામની સીમમાં બ્રિજ ઊતરતા સમયે અમદાવાદ તરફના ટ્રેક પર રોંગ સાઈડથી પૂરપાટ ઝડપે ધસી આવેલા ડમ્પર (GJ-16-AV-9966)ના ચાલકે એક બાઈક નં.(MH-28-CA-4702)ને જોરદાર ટક્કર મારી હતી. આ ગંભીર અકસ્માતમાં બાઈક ચાલક વિઠ્ઠલભાઈ પ્રકાશભાઈ વાયાડ (ઉં.વ.૩૮) (રહે.,ચીજખેડ, મહારાષ્ટ્ર) ને શરીરે ગંભીર ઇજા પહોંચતાં તેમનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું.

### ભોલાવ GIDCમાં પૂનમ સ્વીટ્સના ગોડાઉન બહારથી બાઈક ચોરાઈ

ભરૂચઃ ભરૂચના ભોલાવ GIDC વિસ્તારમાં પૂનમ સ્વીટ્સના ગોડાઉન બહાર પાર્ક કરેલી હીરો સ્પ્લેન્ડર મોટરસાઇકલ નં.(GJ-16-CM-1610)ની ચોરી થઈ છે. મકતમપુરના રહીશ ભવાનસિંહ રાજપુરોહિત ગત ૧૪ એપ્રિલની રાત્રે કામ અર્થે આવ્યા ત્યારે અજાણ્યા તસ્કરો ૨૦,૦૦૦ની કિંમતની તેમની બાઈક હંકારી ગયા હતા. આ મામલે ભવાનસિંહે ઓનલાઇન e-FIR નોંધાવતાં ભરૂચ શહેર સી-ડિવિઝન પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પરવાનગી વગર પ્રચારનું 'સાહસ' કોંગ્રેસના ચાર મુરતિયા ભેરવાયા

**ભરૂચના** વોર્ડ નં.10માં પરવાનગી વિના જાહેર સભા કરનાર ભેરવાયા

ભરૂચઃ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના માહોલ વચ્ચે ભરૂચ નગરપાલિકાના વોર્ડ નં.10ના કોંગ્રેસના ઉમેદવારો વિવાદમાં સપડાયા છે. ચૂંટણી વિભાગની પૂર્વ પરવાનગી મેળવ્યા વિના જ જાહેર સભા યોજીને જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરવા બદલ કોંગ્રેસના 4 ઉમેદવાર સામે બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે. આ કાર્યવાહીથી રાજકીય આલમમાં ફફડાટ વ્યાપી ગયો છે.

ભરૂચ સિટી મામલતદાર કચેરીમાં નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતા જશુ કુબેર ચૌધરીએ નોંધાવેલી ફરિયાદ અનુસાર વોર્ડ નં.10ના ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ પાર્ટીના ઉમેદવારો એઝાઝહસન હુશેન શેખ, તસ્લીમાબાનુ મોહંમદ સિદ્દીક મિકેનિક, સાયરાબાનુ મોહંમદ શોએબ શેખ તેમજ શૈલેષ ચીમન વસાવાએ ગત તા.17ના રોજ લાલબજાર સ્થિત જૂની તિજોરી કચેરી સામે જાહેર રોડ પર એક સભાનું આયોજન કર્યું હતું. આ જાહેર સભામાં રાત્રિના 12 વાગ્યા સુધી લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જે અંગે ચૂંટણી વિભાગમાં કોઈપણ પ્રકારની જાણકારી આપવામાં આવી ન હતી કે પરવાનગી લેવામાં આવી ન હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભરૂચ જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા ચૂંટણીના પ્રચાર-પ્રસાર, સ્ટાર પ્રચારકોની સભા, સરઘસ કે અન્ય કોઈપણ કાર્યક્રમ માટે પૂર્વ પરવાનગી લેવા અંગેનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ કાયદાકીય જોગવાઈઓનું ઉલ્લંઘન કરી, પરવાનગી વગર સભા ગજવનાર કોંગ્રેસના આ ચારેય ઉમેદવારો સામે આખરે તંત્ર દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. નાયબ મામલતદારની ફરિયાદના આધારે બી ડિવિઝન પોલીસે જાહેરનામાના ભંગ બદલ ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

## અંકલેશ્વરમાં મહિલા અનામત બિલ પાસ ન થવા બદલ શિવસેનાનો વિરોધ

અંકલેશ્વરઃ સંસદમાં મહિલા અનામત બિલ પાસ ન થતા અંકલેશ્વરમાં શિવસેના દ્વારા વિપક્ષ વિરુદ્ધ વિરોધ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. શુક્રવારે લોકસભામાં મહિલા અનામત સંબંધિત બિલ પર મતદાન થયું હતું. આખરે મહિલા અનામત સંબંધિત બિલ લોકસભામાં પસાર થયું ન હતું. જેને લઇ ગુજરાત પ્રદેશ શિવસેના દ્વારા નારી શક્તિના સન્માન માટે વિરોધ વિરુદ્ધ વિરોધ પ્રદર્શનનું આયોજન કરાયું હતું. અંકલેશ્વરના કાપોદ્રા પાટિયા નજીક ગુજરાત પ્રદેશ શિવસેનાના પ્રદેશ પ્રમુખ એસ.આર. પાટીલની અધ્યક્ષતા હેઠળ વિપક્ષ વિરુદ્ધ સૂત્રોચ્ચારો સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું.

## અંકલેશ્વર ઈન્ડસ્ટ્રિઝ એસોસિએશનના ત્રણ દિવસીય ઈન્ડસ્ટ્રિયલ એક્સ્પોનું સમાપન

**વિવિધ** કેટેગરી મુજબ શ્રેષ્ઠ એક્ઝિબિટરોને એવોર્ડ એનાયત કરાયા

અંકલેશ્વરઃ અંકલેશ્વર ઈન્ડસ્ટ્રિઝ એસોસિએશન (એઆઈએ) દ્વારા અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં ઈએસઆઈસી હોસ્પિટલ સામે આવેલા યુટિલિટી પ્લોટ ખાતે આયોજિત 16મો એઆઈએ ત્રણ દિવસીય ઈન્ડસ્ટ્રિયલ એક્સ્પો સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો. તા.16થી 18 એપ્રિલ દરમિયાન યોજાયેલા આ મેગા ઈન્ડસ્ટ્રિયલ એક્સપોએ ઉદ્યોગજગતમાં નોંધપાત્ર પ્રતિસાદ મેળવ્યો હતો.

ત્રણ દિવસીય ઈન્ડસ્ટ્રિયલ એક્સ્પોમાં ઈન્ડસ્ટ્રિયલ ક્ષેત્ર સાથે સંકળાયેલા નાના-મોટા મળી કુલ 125થી વધુ સ્ટોલ ઊભા કરવામાં આવ્યા હતા, જે મુલાકાતીઓ માટે મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. એક્સ્પોમાં ફાર્માસ્યુટિકલ્સ, કેમિકલ્સ, પેટ્રોકેમિકલ્સ, પોલીમર્સ, એગ્રીકલ્ચર પેસ્ટિસાઈડ્સ, ઓઈલ એન્ડ લુબ્રિકન્ટ્સ, એન્જિનિયરિંગ ટૂલ્સ અને મશીનરી, પ્રોસેસ કંટ્રોલ સિસ્ટમ, પોલ્યુશન કંટ્રોલ ઈક્વિપમેન્ટ, ઈલેક્ટ્રિકલ્સ તેમજ ઈલેક્ટ્રોનિક્સ સહિત વિવિધ ઉદ્યોગોએ પોતાના પ્રોડક્ટ્સ અને ટેક્નોલોજીનું પ્રદર્શન કર્યું હતું. એક્સ્પોના સમાપન સમારોહ પ્રસંગે વિવિધ કેટેગરી મુજબ શ્રેષ્ઠ એક્ઝિબિટરોને એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા.

# બારડોલી તાલુકા પંચાયતની અસ્તાન બેઠકના કોંગી ઉમેદવારનું અવસાન

**ટૂંકી** માંદગી બાદ સરદાર સ્મારક હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા, ચૂંટણી સ્થગિત કરવામાં આવી

બારડોલીઃ બારડોલી તાલુકા પંચાયતની અસ્તાન બેઠકમાં કોંગ્રેસ પક્ષના ઉમેદવારનું ટૂંકી માંદગી બાદ અચાનક અવસાન થતાં હાલ પૂરતી આ બેઠક પર ચૂંટણી મોકૂફ રાખવામાં આવી છે. વરાડ જિલ્લા પંચાયત હેઠળ આવતી આ બેઠક પર હવે માત્ર જિલ્લા પંચાયત બેઠક માટે જ મતદાન થશે.

પ્રાપ્ત માહિતી અનુસાર સ્થાનિક સ્વરાજની ચૂંટણીને આડે માંડ એક અઠવાડિયાનો સમય બચ્યો છે. ત્યારે કોંગ્રેસ પક્ષ માટે ખરાબ સમાચાર આવ્યા છે. બારડોલી તાલુકા પંચાયતની અસ્તાન બેઠક પરથી ચૂંટણી લડી રહેલા કોંગ્રેસના ધર્મેશભાઈ રમેશભાઈ રાઠોડનું ચૂંટણી પ્રચાર દરમિયાન અચાનક પ્રેશર અને સુગર લો થઈ જતા તબિયત બગડી હતી.

તેમને તાત્કાલિક સુરતની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તેમની હાલત વધુ ખરાબ થતાં વેન્ટિલેટર પર મૂકવાની ફરજ પડી હતી. તબિયતમાં સુધારો નહીં થતાં શનિવારે સાંજે બારડોલીની સરદાર સ્મારક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

જ્યાં રવિવારે સવારે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. તેમના અવસાનની જાણ થતાં જ મોટી સંખ્યામાં કોંગ્રેસ નેતાઓ તેમના નિવાસ સ્થાને પહોંચી ગયા હતા અને પરિવારને સાંત્વના પાઠવી હતી. ધર્મેશભાઈ અસ્તાન ગામના સરપંચ પદ પર પણ રહી ચૂક્યા હતા. આ અંગે કોંગ્રેસ પક્ષ તેમજ અસ્તાન ગામના તલાટી કમ મંત્રી દ્વારા ચૂંટણી અધિકારીને રિપોર્ટ કરવામાં આવ્યો હતો. ચૂંટણી અધિકારી એવા બારડોલી તાલુકા વિકાસ અધિકારીએ પણ આ અંગેનો રિપોર્ટ ગાંધીનગર ચૂંટણી પંચને મોકલી આપ્યો હોવાનું જાણવા મળ્યું છે. હાલ આ બેઠક પર ચૂંટણી મોકૂફ રાખવામાં આવી છે. જો કે, જિલ્લા પંચાયતની વરાડ બેઠક માટે રાબેતા મુજબ મતદાન પ્રક્રિયા હાથ ધરાશે.



## નિઝર ખાતે ટેરેસ ઉપર થયેલા હુમલામાં એકનું મોત

કુકરમુંડાઃ નિઝર ગામમાં એક ગંભીર બનાવ સામે આવ્યો છે, જેમાં ટેરેસ ઉપર થયેલા હુમલામાં એક વ્યક્તિનું મોત થયું છે. પોલીસે આ મામલે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ફરિયાદી પંકજભાઈ મગનભાઈ પટેલ (ઉં.વ.૫૯) (રહે.,ગાયત્રી ચોક પાસે, તા.નિઝર)ના નિવાસ સ્થાને તા.19/4/2026ના રોજ સાંજે અંદાજે ૬:૧૫ વાગ્યાના સમયગાળા દરમિયાન આરોપી અશોક તાનાજી નાઈક (ઉં.વ.૪૦) (રહે., નિઝર, ચમાર હાટી ફળિયું, તા.નિઝર) પહોંચ્યો હતો. આરોપીએ ચા પીવાના બહાને ઘરમાં પ્રવેશ કરી ગેસના ચૂલાનાં બટનો ચાલુ કર્યાં હતાં. ફરિયાદીની માતાએ આ બાબતે વિરોધ કરતાં આરોપી નારાજ થયો હતો. બાદ આરોપી ઘરના ટેરેસ ઉપર આવેલા રૂમમાં ગયો હતો. ત્યાં તેને સમજાવવા ગયેલી ફરિયાદીની પત્ની મનીષાબેન પર આરોપીએ લાકડાના પાટિયાથી હુમલો કર્યો હતો. દરમિયાન ફરિયાદીના ભાઈ અને મૃતક સંજયભાઈ મગનભાઈ પટેલ (ઉં.વ.૫૫) (રહે., ગાયત્રીનગર ચોક, તા.નિઝર, જિ.તાપી) વચ્ચે પડતા તેમને પણ આરોપીએ માથાના ભાગે ગંભીર ઈજા પહોંચાડી હતી. ગંભીર ઈજાના કારણે સંજયભાઈનું મોત નીપજ્યું હતું. આ બનાવ બાદ નિઝર પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## આમોદ શહેરના તિલક મેદાનમાં કેબિનમાં આગ

**નગરપાલિકાના** ફાયરે ત્વરિત કાર્યવાહી કરી કાબૂ મેળવ્યો

**કચરો** બાળવાના કારણે આગ લાગ્યાનું અનુમાન

ભરૂચઃ આમોદ શહેરના વ્યસ્ત તિલક મેદાન વિસ્તારમાં સોમવારે એક કેબિનમાં અચાનક આગ લાગી હતી. જોતજોતામાં આગ એટલી વિકરાળ બની કે સમગ્ર કેબિન બળીને ખાખ થઈ ગઈ હતી. આ ઘટનાને પગલે આસપાસના રહીશો અને વેપારીઓમાં દોડધામ મચી ગઈ હતી.

આગ લાગવાના ચોક્કસ કારણની સત્તાવાર પુષ્ટિ થઈ નથી, પરંતુ સ્થાનિકોના જણાવ્યા અનુસાર તિલક મેદાનમાં કચરો બાળવામાં આવી રહ્યો હતો. આ કચરાની આગના તણખા કેબિન સુધી પહોંચતાં ભીષણ આગ લાગી હોવાનું પ્રાથમિક અનુમાન છે.

આગમાં કેબિનમાં રહેલો તમામ સામાન સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયો છે. આગની જાણ થતાં જ આમોદ નગરપાલિકાના ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી.

ફાયર ફાઈટરોએ કરેલી મહેનત બાદ આગ પર કાબૂ મેળવી લીધો હતો અને આગને વધુ ફેલાતી અટકાવી હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ કેબિન માલિકને ભારે આર્થિક નુકસાન સહન કરવું પડ્યું છે. પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

## સુરત પટેલ પ્રગતિ મંડળનો મહત્ત્વનો નિર્ણય

સાયણઃ શ્રી પટેલ પ્રગતિમંડળની સુરતની ભૂતપૂર્વ સમિતિ તરફથી અન્ય સમાજ માટે વાડી બુકિંગ માટે વિરોધ કરવા છતાં ૯૦ દિવસનો પ્રતિબંધ ઉઠાવી લેવામાં આવ્યો હતો. એ પ્રતિબંધ સામે લોકોની ફરિયાદ ધ્યાનમાં લઈ સુરત વ્યવસ્થાપક સમિતિ તથા સમન્વય સમિતિ, ટ્રસ્ટીમંડળ તરફથી તા.૧૨-૪-૨૦૨૬ની મિટિંગમાં રદ કરી તેનો અમલ તા.૧૩-૪-૨૦૨૬થી અન્ય સમાજ ૧૨૦ દિવસ પહેલા જ વાડી બુકિંગ કરાવી શકશે તેનો સુધારો કરવામાં આવ્યો છે. જ્યારે સમાજના લોકો ૩૬૫ દિવસમાં ગમે ત્યારે વાડી બુકિંગ કરાવી શકશે. સમાજના સભ્ય માટે ભાડા તથા મંડળની ચીજવસ્તુ ૫૦ ટકા રાહત અને બિન સભ્ય માટે ૪૦ ટકા રાહત આપવામાં આવે છે. સમાજના લોકોએ સમાજનું હિત ધ્યાનમાં લઈ સમાજની વાડીનો વધુમાં વધુ ઉપયોગ કરવા અધ્યક્ષ રમેશચંદ્ર તથા મંત્રી મનોજ પટેલે જણાવ્યું હતું.


મહેરબાન બારડોલીના એડી.સિવિલ જજ સાહેબશ્રીની કોર્ટમાં.મું.બારડોલી, જી.સુરત

રેગ્યુ.દિ.મુ.નં.૦૯/૨૦૨૫

વાદી :- હિરેનભાઈ શશીકાંતભાઈ પટેલ, રહે- ૪,નેસ્ટ રેસીડેન્સી-૬, શીશુમંદિર સ્કુલની નજીક, શાસ્ત્રી રોડ,બારડોલી,સુરત

વિરૂધ્ધ

પ્રતિવાદી નં.૨ :- સુહેલ સાજીદભાઈ મારફની, રહે- સાહિલ એપાર્ટમેન્ટ, સ્ટેશન રોડ, બીલીમોરા, જી.નવસારી-૩૯૬૩૨૧, મો.નં.૯૮૨૫૧૨૮૨૩૮ ઓફિસ-૧૦૫-૧૦૭, લક્ષ્મી ગોપાલ કોમ્પલેક્ષ,સુરત ડિસ્ટ્રીક્ટ બેંકની ઉપર, ધામરોડ રોડ, માંડવી બારડોલી રોડ તા.બારડોલી

જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત વાદી દ્વારા દાવામાં જણાવેલ સરનામે સદર કામના પ્રતિવાદી નં.૨ નાઓને નામદાર અદાલત દ્વારા સમન્સ/નોટીસ કાઢવામાં આવેલ પરંતુ પ્રતિવાદી નં.૨ યેનકેન પ્રકારે સમન્સ/નોટીસની બજવણી થવા દેતા ન હોય અને સદરહુ દાવો ચલાવવામાં વિલંબ થતો હોય જે ધ્યાને લેતા સદરહુ કામના પ્રતિવાદી નં.૨ નાઓને સમન્સ /નોટીસની બજવણી વર્તમાનપત્રમાં જાહેર ખબરથી કરવા અંગેની અરજી આપવામાં આવેલ છે.

સદરહુ દાવાની સુનાવણી તા.૦૭-૦૫-૨૦૨૬ ના રોજ સવારે ૧૦-૩૦ વાગ્યે રાખવામાં આવેલ છે. જે કોઈ ઈસમ તથા સરકારી, અર્ધ સરકારી, પેઢી, મંડળી, વ્યક્તિ,કંપની સ્વાયત સંસ્થા વિગેરેને સદરહુ અરજી વિરૂધ્ધ વાંધો હોય તો જાતે અગર યોગ્ય માહિતગાર કરેલ વકીલ મારફતે અત્રેની કોર્ટમાં અચુક હાજર રહેવા નોંધ લેશો. જો તેમ કરવામાં કસુર કરશો તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૭મી એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

| તૈયાર કરનાર | | મુકાબલ કરનાર | હુકમથી |
|---|---|---|---|
| (કુ.એસ.એ.ચોધરી) | કોર્ટનો સિક્કો | (બી.વી.મકવાણા) | (જે.એલ.પટેલ) |
| આસીસ્ટન્ટ | | સુપ્રિન્ટેન્ડન્ટ | રજીસ્ટ્રાર |
| સીવીલ કોર્ટ, બારડોલી | | સીવીલ કોર્ટ, બારડોલી | સીવીલ કોર્ટ, બારડોલી |



Milano MULTIPLEX

બારડોલી

Bhooth Bangla
10:00am, 01:00pm, 03:00pm, 04:00pm, 07:00pm, 09:00pm, 10:00pm

Dhurandhar The Revenge
11:00am, 03:30pm, 08:00pm

Lee Cronins The Mummy
12:00pm, 06:00pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333